# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. **વિરોધ પક્ષોના હોબાળા વચ્ચે લોકસભાની કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત ..રાજ્યસભાની કાર્યવાહી બે વાગ્યા સુધી મોકૂફ**
2. **ઈન્ડિ ગઠબંધન ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સુદર્શન રેડ્ડીએ ઉમેદવારી નોંધાવી**
3. **હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ-HAL એ તેજસ ફાઇટર જેટ માટે 62 હજાર કરોડ રૂપિયાના ઓર્ડરની પુષ્ટિ કરી**
4. **નાસાએ યુરેનસના નવા, 29મા ઉપગ્રહ એસ/2025 યુ1 ની શોધ કરી હોવાની જાહેરાત કરી**
5. **ગુજરાત અને મહારાષ્ટ્રમાં અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહી**
6. **જમ્મુ અને કાશ્મીરના દાલ સરોવર ખાતે આજથી પ્રથમ ખેલો ઇન્ડિયા વોટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલ શરૂ**

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PARA ADJOURED

લોકસભાની કાર્યવાહી અનિશ્ચિતકાળ સુધી મુલતવી રાખવામાં આવી છે. જ્યારે રાજ્યસભા બે વાગ્યા સુધી સ્થગિત કરાઇ છે..

આજે સવારે લોકસભાની કાર્યવાહી શરૂ થતાંની સાથે જ વિરોધ પક્ષોએ બિહાર S.I.R.ના મુદ્દે હોબાળો મચાવ્યો હતો. વારંવારની લોકસભા અધ્યક્ષની વિનંતી બાદ પણ હોબાળો બંધ ન થતા બાર વાગ્યા સુધી નીચલા ગૃહની કાર્યવાહી સ્થગિત કરાઇ હતી ત્યારબાદ ફરી ગૃહની કાર્યવાહી શરૂ થતા સ્થિતિ જેમની તેમ બની રહેતા લોકસભા અધ્યક્ષે કાર્યવાહી અનિશ્ચિત સમય સુધી સ્થગિત કરવાની જાહેરાત કરી હતી.

## બાઇટ- ઓમ બિરલા , લોકસભા સ્પિકર

બીજીતરફ રાજ્યસભામાં પણ વિરોધ પક્ષોના શોરબકોરના પગલે કાર્યવાહી બે વાગ્યા સુધી સ્થગિત કરી દેવાઇ હતી

. . . . . . . . . .

# VP INDI NOMINATION

ઇન્ડી ગઠબંધનના સંયુક્ત ઉમેદવાર બી સુદર્શન રેડ્ડીએ આજે ઉપરાષ્ટ્રપતિ પદ માટે પોતાનું ઉમેદવારી નોંધાવી હતી સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ બી સુદર્શન રેડ્ડી આજે સવારે પોતાનું ઉમેદવારી નોંધાવવા પહોંચ્યા હતા. ત્યારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે , સોનિયા ગાંધી, કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી , સપાના રામ ગોપાલ યાદવ અને અન્ય નેતાઓ તેમની સાથે હાજર રહ્યાં હતાં.

ઉપરાષ્ટ્રપતિ પદ માટે બી સુદર્શન રેડ્ડીનો મુકાબલો એનડીએ ઉમેદવાર સીપી રાધાકૃષ્ણન સાથે થશે. રાધાકૃષ્ણને ગુરુવારે એક દિવસ પહેલા જ પોતાની ઉમેદવારી નોંધા વી હતી . ખાસ વાત એ છે કે , ઉપરાષ્ટ્રપતિ પદ માટેના બંને ઉમેદવારો દક્ષિણ ભારતના છે.

આજે, ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ છે. 25 ઓગસ્ટ સુધી ઉમેદવારીપત્ર પાછું ખેંચી શકાશે અને ચૂંટણી અને મતગણતરી 9 સપ્ટેમ્બરે થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# HAL ORDER

જાહેર ક્ષેત્રના સંરક્ષણ ઉત્પાદક હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ- HAL એ તેજસ ફાઇટર જેટ માટે 62 હજાર કરોડ રૂપિયાના મોટા ઓર્ડરની પુષ્ટિ કરી છે. સંરક્ષણ અંગેની સંસદીય સમિતી -CCS એ ભારતીય વાયુસેના માટે કંપની પાસેથી 97 લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ Mk-1A અને સંલગ્ન સાધનો ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

આ સોદો જેટ ઉત્પાદક માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે , જે ભારતના MiG-21 કાફલાને બદલવા માટે સ્વદેશી તેજસ કાર્યક્રમ તૈયાર કરી રહી હતી.

. . . . .

# PM BIHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી , આવતીકાલે બિહારના પ્રવાસે જશે, તેઓ પટણા , ગયા અને બેગુસરાયની મુલાકાત લેશે. આ દરમિયાન , તેઓ બેગુસરાયમાં ગંગા નદી પર બનેલા ઔંટા-સિમરિયા છ લેનવાળા પુલનું ઉદ્ઘાટન કરશે.

ગંગા નદી પર બિહારનો પહેલો આ છ-લેન પુલ છે. આ પુલ બનાવવામાં લગભગ 7 વર્ષ લાગ્યા 1,871 કરોડ રૂપિયાનાં ખર્ચે બનાવેલો આ આધુનિક પુલ 8.15 કિમી લાંબો છે.

. . . . . . . . .

# MEA-NEPAL

વિદેશ મંત્રાલયે લિપુલેખ પાસ દ્વારા ભારત અને ચીન વચ્ચે સરહદ વેપાર ફરી શરૂ કરવા સંબંધિત નેપાળના વિદેશ મંત્રાલયની ટિપ્પણીની નોંધ લીધી છે. સરહદ મુદ્દે નેપાળ દ્વારા કરાયેલી ટિપ્પણીઓ અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં , વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું , આ સંદર્ભમાં ભારતનું વલણ સુસંગત અને સ્પષ્ટ રહ્યું છે.

તેમણે કહ્યું , લિપુલેખ પાસ દ્વારા ભારત અને ચીન વચ્ચે સરહદ વેપાર 1954માં શરૂ થયો હતો અને દાયકાઓથી ચાલી રહ્યો છે. શ્રી જયસ્વાલે કહ્યું , કોવિડ અને અન્ય કારણોસરને કારણે તાજેતરના વર્ષોમાં આ વેપાર ખોરવાઈ ગયો હતો . બંને પક્ષો હવે તેને ફરી શરૂ કરવા સંમત થયા છે. તેમણે કહ્યું, ભારત સંવાદ અને રાજદ્વારી ઉકેલ દ્વારા બાકી સરહદ મુદ્દાઓને ઉકેલવા માટે નેપાળ સાથે રચનાત્મક વાતચીત માટે તૈયાર છે.

. . . . . . . . . . . . . . . .

NASA URENUS MOON

નાસાએ જાહેરાત કરી કે જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપએ યુરેનસના નવા, 29મા ઉપગ્રહની શોધ કરી છે, જેનું નામ એસ/2025 યુ1 રાખવામાં આવ્યું હતું. નાસાના જણાવ્યા અનુસાર, સાઉથવેસ્ટ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ( એસ. ડબલ્યુ. આર. આઈ.) ની આગેવાની હેઠળની ટીમે 2જી ફેબ્રુઆરી 2025ના રોજ ચંદ્રની ઓળખ કરી હતી, જેનાથી ગ્રહનો જાણીતો ઉપગ્રહ પરિવાર 29 સુધી વિસ્તર્યો હતો. ચંદ્રનો વ્યાસ માત્ર 10 કિલોમીટર હોવાનો અંદાજ છે. અને લગભગ 56,000 કિલોમીટરના અંતરે ગ્રહની પરિક્રમા કરે છે. એસ. વી. આર. આઈ. ના સોલર સિસ્ટમ સાયન્સ એન્ડ એક્સપ્લોરેશન ડિવિઝનના અગ્રણી વૈજ્ઞાનિક મરિયમ અલ મૌતામિદ કહે છે, "તે એક નાનો ચંદ્ર છે પરંતુ એક નોંધપાત્ર શોધ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . .

**IMD-WEATHER**

હવામાન વિભાગે આજે ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી છે. આજે સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા , પોરબંદર, જુનાગઢ તેમજ દક્ષિણ ગુજરાતનાં નવસારી , વલસાડ , દમણ તેમજ દાદરા અને નગર હવેલીમાં આજે અતિભારે વરસાદનું રેડ એલર્ટ છે.

દરમિયાન, રાજ્યના દરિયાઈ જિલ્લાઓમાં ભારે વરસાદ જોવા મળી રહ્યો છે. સ્થાનિક બંધ અને નદીઓ છલકાઈ રહી છે , જેના કારણે પ્રદેશમાં સામાન્ય જનજીવન ખોરવાયું છે. વરસાદથી પ્રભાવિત જિલ્લાઓમાં રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# PAKISTAN RAIN

પાકિસ્તાનમાં ભારે વરસાદને કારણે, પંજાબ પ્રાંતના નીચાણવાળા વિસ્તારોમાં જનજીવન ખોરવાયું છે.

અહેવાલો અનુસાર, ગંભીર પૂરના કારણે ઘણા વિસ્તારોમાં માટીના ઘરો અને ખેતરો ધોવાઈ ગયા છે. પશુધન પણ અસરગ્રસ્ત થયું છે. છેલ્લા 24 કલાકમાં , સરગોધા, ફૈસલાબાદ અને અન્ય શહેરોમાં ભારે વરસાદ નોંધાયો છે.

લાહોર, ગુજરાંવાલા અને રાવલપિંડી જેવા શહેરોમાં નોંધપાત્ર વરસાદ પડ્યો છે. પાકિસ્તાનના પ્રાંતીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે સમગ્ર પંજાબમાં રેડ એલર્ટ જારી કર્યું છે.

. . . . . . . . .

# KHELO INDIA WATER SPORTS FESTIVAL

જમ્મુ અને કાશ્મીરના દાલ સરોવર ખાતે આજથી પ્રથમ ખેલો ઇન્ડિયા વોટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલ શરૂ થશે. ત્રણ દિવસીય રમત મહોત્સવમાં રોઇંગ , કાયાકિંગ અને કેનોઇંગમાં 24 સુવર્ણ ચંદ્રક માટે 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 400થી વધુ ખેલાડીઓ ભાગ લેશે.

આ પહેલી ઓપન-એજ રાષ્ટ્રીય સ્પર્ધા છે જેમાં તમામ 24 ચંદ્રક ઇવેન્ટ્સ ઓલિમ્પિક રમતોનો ભાગ છે. આ મહોત્સવમાં ત્રણ પ્રદર્શન ઇવેન્ટ્સ , વોટર સ્કીઇંગ, શિખરા બોટ સ્પ્રિન્ટ અને ડ્રેગન બોટ રેસ પણ હશે.

મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, ઓડિશા અને કેરળ , 44 એથ્લેટ્સનું સૌથી મોટું દળ મોકલી રહ્યા છે. સર્વિસિસ આ વખતે સ્પર્ધા કરશે નહીં. 2022 એશિયન ગેમ્સના રજત ચંદ્રક વિજેતા ઓલિમ્પિયન અર્જુન લાલ જાટ , દિલ્હીનું પ્રતિનિધિત્વ કરીને આકર્ષણ જમાવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DELHI SCHOOLS

દિલ્હીની છ શાળાઓમાં બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી છે. રાષ્ટ્રીય રાજધાનીના દ્વારકા સેક્ટર 5 અને પ્રસાદ નગર વિસ્તારની છ શાળાઓમાં વહેલી સવારે ઇમેઇલથી ધમકીઓ મળી હતી. જેના કારણે સ્ટાફ અને વિદ્યાર્થીઓનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

દિલ્હી અગ્નિશમન સેવાઓ , પોલીસ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમો શાળાઓમાં પહોંચી હતી. પ્રાથમિક તપાસ મુજબ, અત્યાર સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી , અને શોધખોળ ચાલુ છે. પોલીસ ઇમેઇલ મોકલનારના આઈપી એડ્રેસને શોધવાની તજવીજ હાથ ધરી છે.

. . . . .

# PLI SCHEME

ઔષધીય ઉત્પાદન માટે ઉત્પાદન-લિંક્ડ પ્રોત્સાહન- PLI યોજના હેઠળ દુર્લભ રોગોનો સમાવેશ કેન્દ્રિત ક્ષેત્ર તરીકે કરાતા સારવાર ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

રસાયણ અને ખાતર મંત્રાલયના એક સત્તાવાર નિવેદનમાં આ મુજબ જણાવાયું હતું. PLI યોજના હેઠળ દુર્લભ રોગો માટેની આઠ દવાઓને ટેકો અપાયો છે, જેમાં ગૌચર રોગ માટે એલિગ્લુસ્ટેટનો સમાવેશ થાય છે , જ્યાં સારવારનો ખર્ચ વાર્ષિક 1.8 થી 3.6 કરોડથી ઘટીને 3થી 6 લાખ રૂપિયા થયો છે.

. . . . . .

# DHR- ICMR MEETING

આરોગ્ય સંશોધન વિભાગ અને ભારતીય તબીબી સંશોધન પરિષદ- ICMR એ આજે નવી દિલ્હીમાં બે દિવસીય આંતરરાષ્ટ્રીય બેઠકનું આયોજન કર્યું છે. આ કાર્યક્રમમાં નેપાળ , શ્રીલંકા, ભૂતાન અને તિમોર-લેસ્ટેના વરિષ્ઠ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા છે.

બે દિવસીય બેઠક દરમિયાન , આરોગ્ય સંશોધન પ્રણાલીઓના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવશે , જેમાં શાસન માળખા , સંશોધન ધિરાણ , સંશોધન એજન્ડાને પ્રાથમિકતા આપવા માટેની પદ્ધતિઓ અને પારદર્શિતા અને નીતિશાસ્ત્ર સુનિશ્ચિત કરવાના અભિગમોનો સમાવેશ થાય છે.

. . . . . .